# શ્રી. આર.આર.લાલન કોલેજ ભુજ

## પ્રથમ વર્ષ B.A./B.Sc. માં પ્રવેશ અંગેના નિયમો

## વર્ષ -2024-25

(1) પ્રથમ વર્ષ B.A. માટેના પ્રવેશ ફોર્મ ગુજરાત સરકારના https://gcas.gujgov.edu.in/ વેબ પોર્ટલ ઉપર ઓનલાઈન ભરવાના રહેશે.

(2) નવા પ્રવેશ મેળવતા વિધાર્થીઓ માટે ACADEMIC BANK OF CREDIT નું રજીસ્ટ્રેશન ફરજિયાત છે તેથી દરેક વિધાર્થીએ ACADEMIC BANK OF CREDIT નું રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અને રજીસ્ટ્રેશન નંબર અવશ્ય પ્રવેશ ફોર્મ સાથે જોડવાનો રહેશે ACADEMIC BANK OF CREDIT નું રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર વગરનું ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવામાં આવશે નહી તેની તમામ વિધાર્થીએ નોંધ લેવી

(૩) ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં અટક, નામ, વાલીનું નામ, માતાનું નામ, જાતિ, જ્ઞાતિ અને શૈક્ષણિક લાયકાત અંગેની સંપૂર્ણ સાચી અને પૂરી માહિતી ભરવાની રહેશે. અધુરાશ કે ખોટી માહિતી દર્શાવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં .

(4) ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ નિયત સમય મર્યાદામાં તેમજ નિયત નમુનામાં પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કોપી જરૂરી તમામ સર્ટિફિકેટ અને આધારો જોડી કોલેજમાં જમા કરાવવાનું રહેશે. ફોર્મ સાથે પ્રવેશ પ્રક્રિયા ફી રૂપિયા 25/- જમા કરાવવાના રહેશે.

(5) પ્રથમ વર્ષ B.A./B.Sc.નાં પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ સબંધિત વિદ્યા શાખામાંથી પાસ કરેલ હોવું જોઈએ. પ્રથમ વર્ષ B.A./B.Sc માં મેરીટને આધારે જ પ્રવેશ આપવામાં આવશે.

(6) રાજ્ય સરકાર અને કચ્છ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમો અનુસાર અનામત સીટો ઉપર પણ જેતે અનામત વર્ગના જ વિદ્યાર્થીઓને જ ટકાવારીને આધારે પ્રવેશ આપવામાં આવશે.

(7) પ્રવેશ ફોર્મની સાથે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ કોપી, ધોરણ-10 અને ૧૨ની તમામ માર્કશીટની ઝેરોક્ષ કોપી, જાતિ અંગેના પ્રમાણપત્રની ઝેરોક્ષ કોપી, (લાગુ પડે તો) આધારકાર્ડની ઝેરોક્ષ કોપી, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ કોપી, પ્રોવિઝનલ એલિજીબિલીટી સર્ટીફિકેટ (ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડમાં થી આવતા વિદ્યાર્થીઓ માટે જ) વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર (લાગુ પડે તો) ધોરણ ૧૨ પછી જો અભ્યાસમાં સમયગાળાને આધારે ત્રુટ હોયતો રૂપિયા 50 ના સ્ટેમ્પ

પેપર ઉપર સમયગાળાની ત્રુટ અંગેનું કરવામાં આવેલ એકરાર નામા ની અસલ નકલ વગેરે પ્રમાણપત્રો જોડવાના રહેશે.

(8) ફોર્મ માં રહેલ અધુરાશ કે પ્રમાણપત્રો માં રહેલી અધુરાશને કારણે જો વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહી જાય તો કોલેજની કોઈ જવાબદારી રહેતી નથી અને આ બાબતે પાછળથી કોઈ મૌખિક કે લેખિત પત્ર વ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહી.

(9) પ્રવેશ પ્રક્રિયામાં ફોર્મ ભરવાની તારીખ પૂરી થયા બાદ મેરિટ લિસ્ટ કોલેજ નોટિસ બોર્ડ ઉપર તેમજ કોલેજની વેબસાઈટ www.rrlalancollege.in ઉપર મુકવામાં આવશે.

(10) મેરિટ લીસ્ટમાં સ્થાન પામેલા વિદ્યાર્થીઓએ નિયત કરેલ સમય મર્યાદામાં નિયત કરેલ સત્ર ફી ભરી દેવાની રહેશે. નિયત સમય બાદ વિદ્યાર્થીઓનો પ્રવેશ અંગેનો કોઈ હક દાવો રહેશે નહી.

(11) ફી ભરતી વખતે જરૂરી તમામ પ્રમાણપત્રો, પ્રવેશફોર્મ જમા કરાવ્યાની પહોંચ અને મેરિટ નંબર રજુ કરવાનો રહેશે.

(12) ગુજરાત રાજ્ય બહારના વિદ્યાર્થીઓને અનામતનો લાભ મળવાપાત્ર નથી.

(13) વિષયોમાં મેરીટને આધારે B.A. માં દરેક મુખ્ય વિષયમાં વધુમાં વધુ 150 વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે ત્યાર બાદ જે વિષયમાં જગ્યા ખાલી હશે તે વિષયમાં જ પ્રવેશ આપવામાં આવશે. તેમજ B.Sc. માં દરેક વિષયમાં મહતમ 50 વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે

(14) પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ વિષયો અથવા કોલેજ દ્વારા ફાળવવામાં આવેલ વિષયોમાં પ્રવેશ લીધા બાદ કોઈ પણ સંજોગોમાં તેમાં ફેરફાર કરી શકાશે નહી.

(15) ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ સિવાયના બોર્ડ (CBSE કે અન્ય રાજ્યના માન્ય બોર્ડ) ના વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મની સાથે કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજીબિલીટી પ્રમાણપત્ર (અસલ) રજુ કરવાનું રહેશે આ પ્રમાણપત્ર સિવાયનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

(17) પ્રવેશ મેળવ્યા બાદ પાછળથી વિદ્યાર્થી પ્રવેશ રદ કરાવે તો તેણે ભરેલ કોઈ પણ પ્રકારની ફી નિયમોને આધીન પાછી મળવાપાત્ર થશે અને એક વાર પ્રવેશ રદ કરાવેલ વિદ્યાર્થીને ફરીથી પ્રવેશ કોઈ પણ સંજોગોમાં આપવામાં આવશે નહીં.

(18) કચ્છ યુનિવર્સીટી અને ગુજરાત સરકારના પ્રવેશ અંગેના વખતોવખતના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Shri R.R. Lalan Govt. College
Bhuj-Kutch
सत्यमेव जयते

PRINCIPAL
R. R. LALAN COLLEGE
Bhuj - Kachchh.